જ્ઞાન ગેલેક્સી છે શું?

આ ધોરણ ૯ થી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એક ઓનલાઈન વિજ્ઞાન મેળો છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી નો ઉપયોગ કરી ને કેવી રીતે પર્યાવરણ સંરક્ષણ અને વ્યવસ્થા ના ક્ષેત્રોમાં આધુનિક અને અસરકારક ઉપાયો પર સંશોધન કરી શકાય તેના માટેની સુંદર તક આપે છે. આ માધ્યમ એવા વિદ્યાર્થીઓ માટે છે જે લોકો સંશોધક, વૈજ્ઞાનિક વિચારક અને ખાસ કરીને સમાજ માં પરિવર્તન લાવવા માટે અને પોતાની આગવી છાપ છોડવા માટે તત્પર છે.

અમારો ધ્યેય:

જ્ઞાન ગેલેક્સી વિજ્ઞાન મેળાની રચના ૨૦૨૦ એક ઓનલાઈન મંચ રૂપે થઈ હતી જેનો મુખ્ય ધ્યેય હતો તકનીકી ઉપલબ્ધતા ની સગવડતા કરી આપવાનું. ૨૦૨૧ માં અમે ૧૦૦ થી વધુ ભારતીય વિદ્યાર્તી દ્વારા રચિત પર્યાવરણ વિજ્ઞાન ના સંશોધન પ્રોજેક્ટ ને પ્રોત્સાહન આપવા માંગીયે છે અને તેથી આપણા પ્રતિભાશાળી વિદ્યાર્થી અને તેની વૈજ્ઞાનિક વિચારધારા ને પ્રોત્સાહન મળશે

અમારા સ્થાપક

મૂળ અમદાવાદ નો રહેવાસી, પરમ અદાણી સંત પોલ શાળા (લન્ડન) નો વિદ્યાર્થી છે. તે એન્જિનિરીંગ માટે ઉત્સાહી છે અને પરમ STEM ક્લબ નો સ્થાપક છે. આ પેહેલ ભારતની વંચિત શાળામાં વૈજ્ઞાનિક બુદ્ધિ કેળવવા માટે છે. ઉનાળા ના વેકેશન માં સમય પસાર કરવા પરમ કલ્પક્કમ નામનાં દરિયાઈ ગામ માં ફરવા ગયો હતો અને ત્યાં ની માછલીઓ માં કિરણોત્સર્ગી પદાર્થો માટેનું પરીક્ષણ કર્યું હતું.તેથી જ જ્ઞાન ગેલેક્સી બે ઉદેશ્યો નું પ્રતીક છે: પર્યાવરણ સંરક્ષણ માટેની વૈજ્ઞાનિક વિચારધારા અને ભારતના વંચિત સમુદાયનાં બાળકો માટે શૈક્ષણિક પહેલો.

શાળા માં પરમ હેલી રિસર્ચ સોસાયટી, એન્જિનિયરિંગ સોસાયટી, બાયોમેડ સોસાયટીનો સભ્ય છે. વિજ્ઞાન ની સામાયિકો માં એ લેખક છે, વાદવિવાદ માં માહેર, ભાષાશાસ્ત્ર ની સામાયિકો માં નિયમિત ફાળો આપનાર સભ્ય છે. ખાલી સમય માં પરમ ને ચેસ, સ્ક્વોશ રમવાનો અને પુઝલ ઉકેલવાનો શોખ છે.

વિષયો

આ મેળો પરિયાવરણ વિજ્ઞાન અને સંરક્ષણ ને પ્રાધાન્ય આપે છે અને અમે ૧૦ વર્ગો પસંદ કર્યા છે. વિદ્યાર્થીઓ એ પોતાની અરજી નાખતા વખતે સ્પષ્ટ રીતે જાહેર કરવું પડશે કે તેમના પ્રોજેક્ટ કાયા વર્ગ માં આવે છે. ૧૦ વર્ગો નીચે મુજબ છે:

૧. વાતાવરણીય શાસ્ત્ર અને હવાનું પ્રદૂષણ
૨. હવામાન અને ગતિશીલ ફેરફારો
૩. ઉર્જા ના સાધનો
૪. ઇકોલોજી (જીવ જંતુ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ)
૫. પર્યાવરણ ની વ્યવસ્થા
૬. પૃથ્વી અને અવકાશ વિજ્ઞાન
૭. પાણી પ્રદૂષણ અને સંરક્ષણ
૮. પાણી,સ્વચ્છતા,આરોગ્ય
૯. પર્યાવરણ સંસાધનોની ગુણવત્તા (હવા, પાણી, આકાશ, માટી)
૧૦. ખાદ્ય અને કૃષિ ની વ્યવસ્થા

યોગ્યતા  ના માપદંડ
- ધોરણ ૯-૧૨ માં ભણનાર ભારતીય વિદ્યાર્તી  આ મેળા માં ભાગ લઇ શકે છે
- દરેક પ્રતિયોગી ફક્ત એક પ્રોજેક્ટ મોકલી શકે છે
- વધુ માં વધુ ૪ લોકો નું ગ્રુપ બનાવી તમે તમારો પ્રોજેક્ટ મોકલી શકો છો.

નિર્ણય ના માપદંડ
- વૈજ્ઞાનિક સાર નું મૂલ્યાંકન (૧૫%)
- વૈજ્ઞાનિક સાહિત્ય ની સમજ અને સમીક્ષા (૧૫%)
- વૈજ્ઞાનિક પ્રયોગ/મોડેલ/કોડ/વિશ્લેષણ ની નવીનતા (૫૫%)
- વૈજ્ઞાનિક દલીલો ની ગુણવત્તા (૧૫%)

સબમીશન ની માર્ગદર્શિકા

પ્રાથમિક સંશોધન અને પ્રયોગો કર્યા બાદ પ્રતિયોગીઓએ ૨૫૦-૩૦૦ શબ્દો નો એક વૈજ્ઞાનિક સાર અને એક ફાઇનલ સબમીશન કરવાનું રહેશે. વૈજ્ઞાનિક સાર માં નીચે મુજબ વસ્તુઓ આવશ્યક છે:
- વૈજ્ઞાનિક પ્રયોગો નો હેતુ
- વૈજ્ઞાનિક પ્રયોગો માં વપરાયેલી સામગ્રી અને પદ્ધતિ
- એકત્રિત કરેલી માહિતી ની ઝલક
- વૈજ્ઞાનિક પ્રયોગો નો ઉપસંહાર
- બીજા ક્ષેત્રોમાં આ શોધ ને લાગુ કરવાની શક્યતા (શક્ય હોય તો, ફરજીયાત નથી)

અંતિમ સબમીશન ૧૨ પાનાથી વધુ મોટું ના હોવું જોઈએ. અક્ષર ની સાઈઝ ૧૨ અને લાઈન વચ્ચે ૧.૫ નું અંતર હોવું જોઈએ. ફોન્ટ નું નામ "ટાઈમ્સ ન્યૂ રોમન" હોવું જોઈએ. જો કોઈ ચિત્ર ને શીર્ષક આપવા માં આવે છે તો જ અક્ષરની સાઈઝ નાની કરી શકાય નહીં તો આ નિયમોનું પાલન કરવું ફરજીયાત છે. તમારા ફાઇનલ સબમીશન ની ગોઠવણ નીચે મુજબ હોવી જોઈએ:

૧. શીર્ષક અને અનુક્રમણિકા
૨. પ્રસ્તાવના: પ્રયોગ પાછળ નો હેતુ અને એક પૂર્વધારણા
૩. પ્રયોગ ની રીત
૪. પરિણામો
૫. પરિણામો ની ચર્ચા
૬. ઉપસંહાર
૭. સંદર્ભ ની સૂચિ (APA ,MLA ,ચિકાગો ફોરમેટમાં )
૮. ચિત્રો (ફરજીયાત નથી પણ વાપરો તો વધુ સારું)

વધુ માહિતી મેળવવા અહીં ક્લિક કરો.

સામાન્ય રીતે પુછાતા સવાલો:

<u>હું ભાગ લેવા માટે યોગ્ય છું કે નઈ એ કેવી રીતે ખબર પડે?</u>

ધોરણ ૯-૧૨ માં ભણનાર ભારતીય વિદ્યાર્તી આ મેળા માં ભાગ લઇ શકે છે

<u>હું આ મેલા માં ભાગ કઈ રીતે લઇ શકું?</u>

ભાગ લેવા માટે તમારે આ ગૂગલ ફોર્મ ભરવું પડશે. ફોર્મ ની લિંક અહીંયા આપેલ છે

<u>ફોર્મ ભરી શકવાની સમય મર્યાદા ક્યાં સુધી છે?</u>

૧ ઓગસ્ટ ૨૦૨૧ સુધી તમારી બધીજ વિગતો સબમિટ થઇ જવી જોઈએ. તમારો ફાઇનલ રિપોર્ટ સુધ્ધા ત્યાં સુધી સબમિટ કરી દેવો પડશે.

<u>શું અમે ટીમ માં ભાગ લઇ શકે?</u>

કેમ નહીં. તમે એકલા પણ ભાગ લઇ શકો છો અને ૪ લોકો સુધી ની ટીમ બનાવી પણ ભાગ લઇ શકો છો. યાદ રાખો તમારે એક જ પ્રોજેક્ટ સબમિટ કરી શકો.

<u>કયા કયા વિષયો માં અમે અમારી અરજી નાખી શકાય?</u>

આ મેળો પરિયાવરણ વિજ્ઞાન અને સંરક્ષણ ને પ્રાધાન્ય આપે છે અને અમે ૧૦ વર્ગો પસંદ કર્યા છે. વિદ્યાર્થીઓ એ પોતાની અરજી નાખતા વખતે સ્પષ્ટ રીતે જાહેર કરવું પડશે કે તેમના પ્રોજેક્ટ કયા વર્ગ માં આવે છે. ૧૦ વર્ગો નીચે મુજબ છે:

૧. વાતાવરણીય શાસ્ત્ર અને હવાનું પ્રદૂષણ
૨. હવામાન ના ગતિશીલ ફેરફારો
૩. ઉર્જા ના સાધનો
૪. ઇકોલોજી (જીવ જંતુ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ)
૫. પર્યાવરણ ની વ્યવસ્થા
૬. પૃથ્વી અને અવકાશ વિજ્ઞાન
૭. પાણી પ્રદૂષણ અને સંરક્ષણ
૮. પાણી,સ્વચ્છતા,આરોગ્ય
૯. પર્યાવરણ સં સાધનોની ગુણવત્તા (હવા, પાણી, આકાશ, માટી)
૧૦. ખાદ્ય અને કૃષિ ની વ્યવસ્થા

<u>કયા પ્રકારનો પ્રોજેક્ટ હું સબમિટ કરી શકું છું?</u>

ઉપર આપેલા મુજબ ૧૦ વર્ગો માંથી કોઈ પણ વિષય ની તમે પસંદગી કરી શકો છો. દાખલા તરીકે તમને વાતાવરણીય શાસ્ત્ર અને હવાનું પ્રદૂષણ વિશે જાણવું છે. એના માટે તમે હવાનું પ્રદૂષણ માપતું નવું યંત્ર બનાવી શકો છો. પાણી સાફ કરવાની પદ્ધતિ પર તમે સંશોધન કરી શકો છો ક્યાં તો કોઈ એવા રસાયણ ઓળખી શકો છો જેનાથી ખાવાનું વધારે સમય સુધી તાજું રહે. પસંદગી તમારી છે.

<u>હું મારો પ્રોજેક્ટ ક્યાં સબમિટ કરી શકું છું?</u>

વેબસાઈટ પર એક પોર્ટલ બનાવવામાં આવશે જ્યાં તમારે પી.ડી.એફ. (pdf) ફોર્મેટ માં તમારું સંશોધન પત્ર સબમિટ કરવાનું રહેશે.

<u>મેળાના વિજેતા નક્કી કોણ કરશે?</u>

અમારા નિષ્ણાત નિર્ણાયકો જેમના પાસે વર્ષ નો અનુભવ છે તે આખરી નિર્ણય લેશે અને તે બધાએ માનવું પડશે. નિર્ણાયકો વિષે તમે અહીંયા વધુ માહિતી મેળવી શકો છો.

<u>અમને વિજેતા વિષે ક્યારે જાણવા મળશે?</u>

સ્પર્ધા ના વિજેતા ૧ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી જાહેર કરવામાં આવશે. બધા નિર્ણાયકો દરેક પ્રોજેક્ટ ને ધ્યાન થી ચકાસશે

મારે જીતવા માટે શું કરવું?

જ્ઞાન ગેલેક્સી મેળો જીતવા માટે તમારે બધા નિયમોનું પાલન કરવું પડશે અને એક અનોખો અભિગમ રાખી સમસ્યા નું વૈજ્ઞાનિક રીતે ઉકેલ શોધવો પડશે. તમારા વિષયની પસંદગી, દલીલો અને તર્કો ઝીણવટપૂર્વક અને ચોક્કસ હોવી જોઈએ. યાદ રાખજો કે નિર્ણય ના માપદંડ છે:

- વૈજ્ઞાનિક સાર નું મૂલ્યાંકન (૧૫%)
- વૈજ્ઞાનિક સાહિત્ય ની સમજ અને સમીક્ષા (૧૫%)
- વૈજ્ઞાનિક પ્રયોગ/મોડેલ/કોડ/વિશ્લેષણ ની નવીનતા (૫૫%)
- વૈજ્ઞાનિક દલીલો ની ગુણવત્તા (૧૫%)

# અમારા જ્યૂરી

પ્રોફેસર કિરણ પરમાર

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડા માં થી પી.એચ.ડી મેળવનાર ડો. કિરણ પરમાર હાલમાં અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ માં પ્રોફેસર છે. ડિજિટલ કૉમ્યૂનિકેશન, ડિજિટલ સિગ્નલ પ્રોસેસીંગ, સેટેલાઈટ કૉમ્યૂનિકેશન જેવા વિવિધ વિષયો ભણાવી ચૂક્યા છે. MATLAB જેવા પ્રખ્યાત સોફ્ટવેર માટે સેટેલાઈટ કૉમ્યૂનિકેશન નામનાં ટૂલબોક્સ ની શોધ પણ કરી છે. ઇલેક્ટ્રોનિક્સ અને કૉમ્યૂનિકેશન એન્જિનિયરિંગ, લેબોરેટરી ડેવલપમેન્ટ અને અપગ્રેડેશન  જેવા વિષયોમાં તેઓ નિષ્ણાત છે.

પ્રોફેસર અજય વ્યાસ

મહારાણા પ્રતાપ યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર અને ટેકનોલોજી માંથી પી.એચ.ડી મેળવનાર ડો. અજય વ્યાસ હાલ માં અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ માં સહયોગી પ્રોફેસર છે. અગાઉ તેઓ એસ એસ કોલેજ ઓફ એન્જિનિયરિંગ, કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (ઉદયપુર) માં ભણાવી ચુક્યા છે. દે ગ્રુયટર અને સ્ક્રીવેનેર પ્રકાશન માં તેઓ મહેમાન સંપાદકની ભૂમિકા સાચવવી ચુક્યા છે.  ઓપ્ટિસિસ્ટમ, OptiFDTD, MATLAB, સિમુલિન્ક, and મલ્ટિસીમ (ECD) વાપરીને કમ્પ્યુટર સિમ્યુલેશનમાં તેઓ નિષ્ણાત  છે.

ડો. આલોક કુમાર સિંહ

ડો. આલોક કુમાર સિંહ અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ ના ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ માં સહયોગી પ્રોફેસર છે. ઇલેક્ટ્રિકલ  મશીન, પાવર ઇલેક્ટ્રોનિક્સ, પાવર સિસ્ટમ્સ, એનાલોગ ઇન્ટીગ્રેટેડ ઇલેકટ્રોનિક્સ જેવા વિવિધ વિષયો તેઓ ભણાવે છે અને શારદા ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યૂશન્સ (આગરા) માં ભણાવી ચુક્યા છે. એલ્સેવિઅર જર્નલ અને આઈ.ઈ.ઈ.ઈ. પરિષદો માટે સમીક્ષક તરીકે રહી ચુક્યા છે. વિવિધ આંતરરાષ્ટ્રીય પરિષદ માં પોતાનું સંશોધન તેઓ રજુ કરી ચુક્યા છે.

અભિનવ સક્સેના

અભિનવ સક્સેના નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ડુંગરપુર થી ગ્રેજ્યુએટ થયા છે અને એમ.બી.એ. ની ડિગ્રી આઈ.ઈ.એસ.ઈ. બિઝનેસ સ્કૂલ, નવરરા યુનિવર્સિટી માં થી મેળવવી છે. હાલમાં તેઓ અદાણી ગ્રુપ માં એનાલિટિક્સ પ્રોગ્રામ ના મેનેજર છે અને સાથેજ અદાણી એનર્જી કંપની માટે વિવિધ એનાલિટિક્સ સમસ્યા હલ કરવાની જિમ્મેદારી બજાવે છે. અગાઉ ડેલ કંપની માં સોફ્ટવેર સલાહકાર તરીકે કામ કરી ચુક્યા છે અને અદ્વય ઇનસાઈટ્સ ના સહ-સ્થાપક છે.